# આકાશવાણી – ભુજ

**સમાચાર વાચક: તૌફીક સમા**

**કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર**

**તારીખ: 26-05-2024 રવિવાર** **સમય: સવારે: ૬:૫૦**


## લોકસભા ચૂંટણી છઠ્ઠા તબકાનું મતદાન

લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કા માટે ગઈકાલે શાંતિપૂર્ણ માહોલમાં 59 ટકા મતદાન નોંધાયું. ઉત્તરપ્રદેશની 14, હરિયાણાની તમામ 10, બિહાર અને પશ્ચિમ બંગાળની 8-8, દિલ્હીની તમામ 7, ઓડિશાની છ, ઝારખંડની ચાર અને જમ્મુ અને કાશ્મીરની એક બેઠક માટે મતદાન થયું.

આ સાથે જ ઓડિશા વિધાનસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં 42 બેઠકો માટે સરેરાશ 60.07 ટકા મતદાન થયું. આ ઉપરાંત, હરિયાણાની કરનાલ બેઠક અને ઉત્તરપ્રદેશમાં ગેન્સરી બેઠક માટે વિધાનસભાની પેટાચૂંટણી યોજાઇ...

અત્રે ઉલ્લેખનીય છે કે, આ તબક્કામાં કુલ 889 ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં કેદ થયું. તેમાં સંબલપુરથી ભાજપ નેતા ધર્મેન્દ્ર પ્રધાન, સુલતાનપુરથી મેનકા ગાંધી, કુરુક્ષેત્રથી નવીન જિંદાલ, ઉત્તર પૂર્વ દિલ્હીના મનોજ તિવારી અને તામલુકના અભિજીત ગાંગુલી, જ્યારે કોંગ્રેસના મુખ્ય નેતાઓમાં રોહતકથી દીપેન્દ્ર સિંહ હુડ્ડા, સિરસાથી કુમારી સેલજા અને ગુડગાંવથી રાજ બબ્બર ચૂંટણી મેદાને હતા.સમાજવાદી પાર્ટીના નેતા ધર્મેન્દ્ર યાદવ આઝમગઢથી અને પીડીપીનાં વડા મહેબૂબા મુફ્તી અનંતનાગ-રાજૌરી બેઠક પરથી ચૂંટણી લડ્યાં હતાં.

RNU AHMDAVAD

---

## પ્રધાનમંત્રી દૂરદર્શન ચેનલની મુલાકાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ચૂંટણી એ લોકશાહીનો મોટો ઉત્સવ છે અને ભાવિ પેઢીના મનમાં લોકશાહીના મૂલ્યોને સ્થાપિત કરવાનો એક પ્રસંગ છે.

દૂરદર્શન સમાચારને આપેલા એક મુલાકાતમા શ્રી મોદીએ કહ્યું કે, સરકાર કે રાજકીય પક્ષોએ પોતાના કામનો હિસાબ નાગરિકોને આપવો જોઈએ. તેમણે કહ્યું કે, તેઓ ચૂંટણીને લોકસંપર્કનું એક અભિયાન માને છે. તેમણે વધુમાં કહ્યું કે, તેઓ કોઈપણ પ્રકારની ટીકાને ગંભીરતાથી લે છે.

RNU AHMDAVAD

---

## ચુંટણીં ચ મતદારોની સંખ્યા

કેન્દ્રિય ચૂંટણી પંચે ગઈકાલે લોકસભા ચૂંટણીના પહેલાં પાંચ તબક્કા માટે મતદારોની સંપૂર્ણ સંખ્યા જાહેર કરી. ચૂંટણી પંચે જણાવ્યું કે, લોકસભા ચૂંટણીના પહેલા પાંચ તબક્કા સુધી 50 કરોડ 72 લાખથી વધુ મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો.

ચૂંટણી પંચે જણાવ્યું, સર્વોચ્ચ અદાલતે મતદાન સંસ્થાને ફોર્મ 17 સીની પ્રમાણિત, સ્કેન કરેલી અને સુવાચ્ય નકલ અપલોડ કરવા માટે નિર્દેશ માગતી અરજીને ફગાવી દીધાના એક દિવસ પછી આ વિગત બહાર પાડવામાં આવી હતી. એક નિવેદનમાં પંચે ભારપૂર્વક જણાવ્યું કે, મતદાર મતદાનની વિગતોને જાહેર કરવામાં કોઈ વિલંબ થયો નથી અને દરેક તબક્કાના મતદાનના દિવસે સવારે સાડા નવ વાગ્યાથી સુવિધાજનક મતદાર મતદાન એપ્લિકેશન પર ડેટા હંમેશા ચોવીસ કલાક ઉપલબ્ધ રહે છે.

RNU AHMDAVAD

---

## રાજકોટ ગેમઝોન માં આગ

ગઈકાલે એક ખાનગી ગેમ ઝોન માં આગ લાગતા ૯ બાળકો સહિત ૨૮ લોકોના મોત થયા છે.રાજકોટ ના કાલાવડ રોડ આવેલા ગેમઝોનમાં આગ લાગી હતી.માત્ર 30 જ સેકન્ડમાં આખો ગેમઝોન સળગી ઉઠ્યો હતો. આગને પગલે 5 કિલોમીટર દૂર ધૂમાડા દેખાયા હતા. આગને પગલે ફાયર બ્રિગેડ ઘટનાસ્થળે પહોંચીને આગને કાબૂમાં લીધી હતી.

NP/ તૌફિક સમા

---

## એજ્યુકેશન એક્સ્ટેન્શન સેન્ટર – કચ્છયુનિવર્સીટી

કચ્છ જીલ્લા માં ઉચ્ચ શિક્ષણ માટે અંતરીયાળ વિસ્તારમાં રહેતી દિકરીઓને સ્થાનિકે ભણતરની સેવા મળે એ માટે રાજયમાં પ્રથમ વખત કચ્છમાં યુનિવર્સિટી દ્વારા બીએ અને બી.કોમના અભ્યાસ માટે એજ્યુકેશન એકસ્ટેનશન સેન્ટર શરૂ કરવામાં આવશે. કુલપતિ ડો.મોહન પટેલે જણાવ્યું કે,કચ્છ યુનિવર્સિટી દ્વારા આડેસર,ધોળાવીરા,ખાવડા,ગઢશીશા અને પાન્ધ્રોમાં ચાલુ શૈક્ષણીક સત્રથી આ સેન્ટર શરૂ કરવામાં આવશે

તેમજ ખાવડા, વાગડ,લખપત સહિતના અંતરિયાળ વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓને કોલેજ કક્ષાના ભણતર માટે ભુજ,નખત્રાણા,ગાંધીધામ સુધી અપડાઉન કરવું પડે છે. યુનિવર્સિટી દ્વારા નવો પ્રયાસ કરવામાં આવ્યો છે જેમાં દીકરીઓને સ્થાનિકે જ કોલેજ કક્ષાનું શિક્ષણ મળી રહેશે.આ સેન્ટરોમાં માત્ર દીકરીઓ માટે જ અભ્યાસની સુવિધા ઉભી કરાઈ છે.દીકરીઓને અપડાઉન ન કરવું પડે અને આત્મનિર્ભર બને તેવો હેતુ છે.

NP / તૌફિક સમા

---

## ક્રિકેટ IPL -2024 : SRH - KKR

આઇ પી એલ ની ફાઈનલ મેચ આજે કોલકતા નાઈટ રાઈડર્સ અને સનરાઈઝાર હૈદરાબાદ ની ટીમ વચ્ચે એમ.એ.ચિદમ્બરમ સ્ટેડીયમ ચેન્નઈ માં સાંજે ૭.૩૦ વાગ્યે શરુ થશે.

**NP / તૌફિક સમા**

---

## Rupay કાર્ડ સેવા માલદીવ

કાર્ડથી ચૂકવણી માટે ભારતની રૂ-પે સેવા ટૂંક સમયમાં માલદીવમાં શરૂ થશે. આનાથી માલદીવના ચલણ રૂફિયા મજબૂત થવાની સંભાવના છે.

માલદીવના સમાચાર માધ્યમોમાં, આર્થિક વિકાસ અને વેપાર મંત્રી મોહમ્મદ સઈદને ટાંકીને કહેવામાં આવ્યું કે, રૂ-પે સેવા શરૂ કરવાનો ઉદ્દેશ અમેરિકાના ડૉલર પરની નિર્ભરતા ઘટાડવી અને પ્રાદેશિક ચૂકવણી પ્રણાલીને મજબૂત બનાવવાની છે. શ્રી સઈદે આ અંગે 2 અઠવાડિયા પહેલાં જ ભારતીય હાઈ કમિશનર મુનુ મહાવર સાથે મુલાકાત કરી હતી.

RNU AHMDAVAD

---